શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
(ગુજરાત એક્ટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)
Shri Govind Guru University
( Established vide Gujarat Act No. 24/2015)

સરકારી પોલિટેકનીક કેમ્પસ
ગદુકપુર, ગોધરા
જિલ્લો પંચમહાલ પિન કોડ ૩૮૯૦૦૧

Government Polytechnic Campus
Gadukpur, Godhra
Dist. Panchmahals Pin Code 389001

નં. એસજીજીયુ/પરીક્ષા/૨૦૧૬/૧૪૨૮ તા. ૧૬/૧૨/૨૦૧૬

પરીપત્ર:૧૩૫

વિષય : ડીસેમ્બર-૨૦૧૬ માં લેવાનાર પરીક્ષાના સબ સેન્ટર બાબત.
સંદર્ભ : આ યુનિવર્સિટીનો પરિપત્ર ૧૨૧ નં. એસજીજીયુ/પરીક્ષા/૨૦૧૬/૧૩૯૪, તા. ૧૦/૧૨/૨૦૧૬

શ્રીમાન,

આથી શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓને અને અનુસ્નાતક કેન્દ્રોના ઈન્ચાર્જશ્રીઓને જણાવવાનું કે શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી દ્વારા ડીસેમ્બર-૨૦૧૬ માં લેવાનાર સ્નાતક અને અનુસ્નાતક કક્ષાની વિવિધ પરીક્ષાઓનું સુચારુ આયોજન અને સંચાલન થઇ શકે તે હેતુથી સબ સેન્ટરની યાદી જાહેર કરવામાં આવેલ છે જેમાં ટાઈપોગ્રાફીકલ મિસ્ટેકથી

(૧) દાહોદ, નગરાળા, લીમખેડા, ઝાલોદ, ફતેપુરા, સીંગવડ, ગરબાડા વિસ્તાર માટે સબ સેન્ટર તરીકે નવજીવન આર્ટસ અને સાયન્સ કોલેજ, દાહોદ દર્શાવેલ છે જેના સ્થાને નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ

(૨) સી.એન.પી.એફ. આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, ડભોઇ સબ સેન્ટરના વિસ્તાર તરીકે ડભોઇ, સાવલી, કરજણ જાહેર કરવામાં આવેલ છે જેમાં સાવલીના સ્થાને સાધલી

(૩) એસ.કે.યુ.બી. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, પીપળીયા સબ સેન્ટરના વિસ્તાર તરીકે વડોદરા, પીપળીયા, સાવલી, મુવાલ, છાણી જાહેર કરવામાં આવેલ હતા જેમાં આદેશ અનુસાર બાકરોલ (વાઘોડિયા) વિસ્તારનો પણ સમાવેશ કરવામાં આવે છે

ઉપરોક્ત વિગતો સંબંધિતોએ વાંચવા અને નોંધ લેવા વિનંતી.

ઉપર દર્શાવેલ સબ સેન્ટરે શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સીટીની ડીસેમ્બર-૨૦૧૬ દરમિયાન યોજાનાર પરીક્ષામાં નીચે મુજબની કામગીરીઓ કરવાની રહેશે.

1. પરીક્ષાના દિવસે યુનિવર્સીટી દ્વારા પહોંચાડવામાં આવતા પ્રશ્નપત્રોના સીલબંધ પેકેટ જે તે પરીક્ષા કેન્દ્ર ખાતે ઓબ્ઝર્વરની સાથે પરીક્ષાના નિયત સમય પહેલા પહોચાડવાના રહેશે.
2. યુનિવર્સીટી દ્વારા મંજુર થયેલ ઓબ્ઝર્વરની યાદી માંથી દરરોજ પરીક્ષા કેન્દ્ર દીઠ ઓબ્ઝર્વર નિયુક્ત કરવા.
3. પરીક્ષા પૂર્ણ થયા બાદ લખાયેલ ઉત્તરવહીઓ તમામ પરીક્ષા કેન્દ્ર ખાતેથી એકત્રિત કરી તે જ દિવસે યુનિવર્સીટી ખાતે પહોંચાડવાની રહેશે.
4. સબ સેન્ટર ખાતે યુનિવર્સીટી દ્વારા પહોંચાડવામાં આવેલ કોરી ઉત્તરવહીઓ તેમજ સપ્લીમેન્ટરીઓના અનામત જથ્થામાંથી ઈમરજન્સી સંજોગોમાં જે તે પરીક્ષા કેન્દ્ર ખાતે કોરી ઉત્તરવહીઓ પહોંચાડવી.
5. યુનિવર્સીટી દ્વારા પરિક્ષા ના સંચાલન સંબંધિત જે કામગીરી સોંપવામાં આવે તે બજાવવી.

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
(ગુજરાત એક્ટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)
**Shri Govind Guru University**
**( Established vide Gujarat Act No. 24/2015)**

સરકારી પોલિટેકનીક કેમ્પસ
ગદુકપુર, ગોધરા
જિલ્લો પંચમહાલ પિન કોડ ૩૮૯૦૦૧

Government Polytechnic Campus
Gadukpur, Godhra
Dist. Panchmahals Pin Code 389001


6. યુનિવર્સીટી દ્વારા સબ સેન્ટર ખાતે પરીક્ષા કેન્દ્ર વાઈઝ પહોંચાડવામાં આવેલ પ્રશ્નપત્રો પરીક્ષા કેન્દ્ર સુધી પહોંચાડવા તેમજ પરીક્ષા સંબંધિત અન્ય કામગીરીઓ માટે યુનિવર્સીટી દ્વારા નિયત કરવામાં આવેલ ટ્રાન્સપોર્ટ કોન્ટ્રાક્ટર પાસેથી ગાડીઓ મેળવવી.
7. યુનિવર્સીટી દ્વારા ટેન્ડર પ્રક્રિયાથી ટવેરા, તુફાન ફોર્સ, ઈન્ડીકા/વિસ્ટા ગાડીઓ ટ્રાન્સપોર્ટ કોન્ટ્રાક્ટર પાસેથી મેળવવાનું નિયત કરવામાં આવેલ છે.
8. ટ્રાન્સપોર્ટ કોન્ટ્રાક્ટરની વિગત નીચે મુજબ છે.
   શ્રી મયુરભાઈ સોલંકી, સાને ટ્રાવેલ્સ, ગોધરા રોડ, દાહોદ.
   મો.નં. ૯૪૨૬૨ ૭૩૦૯૮/૭૦૯૬૬ ૦૩૫૦૫
9. સબ સેન્ટર દ્વારા મોકવવામાં આવેલ ગાડીઓની રીકવીઝીશન સ્લીપ સહી કરવી અને ઉપયોગ થયેલા કિલોમીટર સર્ટિફાઈડ કરવા.
10. ઇન્ટરનલ અને પ્રેક્ટીકલ માર્ક્સ તથા ફાઉન્ડેશન અને સોફ્ટ સ્કીલના માર્ક્સ પરીક્ષાના સીટ નંબર મુજબ કોલેજના લેટરપેડ પર હાર્ડ કોપીમાં સ્વીકારી અને યુનિવર્સીટી ખાતે એક સાથે પહોંચાડવા.
11. સંબંધિત પરીક્ષા કેન્દ્રોને પરીક્ષા સંચાલન માટે ખર્ચ પેટે આપવામાં આવેલ રકમના બીલોના વાઉચર એકત્રિત કરી એક સાથે યુનિવર્સીટી ખાતે પહોંચાતા કરવાની કામગીરી કરવી.
12. આ બાબતે વધુમાં જાણકારી માટે પરીક્ષા સમય દરમિયાન યુનિવર્સીટી ખાતેના કન્ટ્રોલ રૂમ નંબર ૦૨૬૭૨ ૨૫૫૧૦૫ પર ટેલીફોનીક સંપર્ક કરવો.

કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવસિટી,
ગોધરા

કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી
ગોધરા

પ્રતિ,

- સંબધિત સબ સેન્ટરના કૉ-ઓર્ડીનેટરશ્રી તરફ તરફ જાણ સારું તથા જરૂરી કાર્યવાહી સારું.

નકલ રવાના:

- આ યુનિવર્સીટી સંલગ્ન દાહોદ, નગરાળા, લીમખેડા, ઝાલોદ, ફતેપુરા, સીંગવડ, ગરબાડા, સાધલી અને બાકરોલ (વાઘોડિયા) વિસ્તારની વિજ્ઞાન, વાણીજ્ય, વિનયન અને શિક્ષણ વિધાશાખાના આચાર્યશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂં
- શ્રી મયુરભાઈ સોલંકી, સાને ટ્રાવેલ્સ, ગોધરા રોડ, દાહોદ તરફ જાણ સારું